# જેને સામાન્ય એનેસ્થેટિક અથવા શામક દવા અપાઈ હોય એવી કોઈ વ્યક્તિની સંભાળ રાખવી

મને મારા સંબંધી કે મિત્રને તેમની સારવાર માટે અથવા સામાન્ય એનેસ્થેટિક હેઠળની પ્રક્રિયા માટે શામક દવા આપવામાં આવે તે પછી તેમને ઘરે લઈ જવાની જવાબદારી સોંપાય છે.

## મારે શું કરવું જોઈએ?

શામકતાની દવા અથવા એનેસ્થેટિકને લીધે કેટલાક દર્દીઓ તેમની સારવાર પછી સહેજ વ્યાકુળ હોઈ શકે અને હલનચલનમાં અસ્થિરતા અનુભવી શકે છે. મહત્ત્વનું છે કે, તેનાથી તેમની નિર્ણય-શક્તિ પર અસર પડી શકે છે જેથી તેઓ કદાચ સ્પષ્ટ રીતે વિચારી શકશે નહીં. આ અસર 24 કલાક, એટલે કે આગલા દિવસ સુધી રહી શકે છે. કૃપા કરીને આ સમય દરમિયાન તેમની સંભાળ રાખો.

## હું મારા સંબંધી કે મિત્રને લેવા ક્યારે આવી શકું?

હોસ્પિટલના કર્મચારીઓ તેમને ફક્ત ત્યારે જ જવાની મંજૂરી આપશે કે જ્યારે તેઓ સાજા થઈ ગયેલા હોય અને તમે તેમની સાથે જવા માટે ત્યાં હાજર હોવ. તમારી ઉંમર 18 વર્ષથી વધુની હોવી જોઈએ અને તમારે તેઓને કાર અથવા ટેક્સી દ્વારા – આદર્શ રીતે જાહેર પરિવહન દ્વારા નહીં – ઘરે લઈ જવું જોઈએ.

તેઓ તમને લેવા આવવાનો ચોક્કસ સમય આપી શકશે નહીં, કારણ કે કેટલાક દર્દીઓ શામક દવા લીધા પછી અથવા સર્જરી પછી સાજા થવામાં અન્ય દર્દીઓ કરતાં વધુ સમય લેતાં હોય છે.

## શું મને મારે શું કરવાની જરૂર છે તે કહેવામાં આવશે?

ડૉક્ટરો દર્દીની પ્રક્રિયા/સારવાર પછી શું કરવું તેની અને તેમણે કોઈ વધારાની દવાઓ લેવાની જરૂર છે કે કેમ તે અંગેની લિખિત સૂચનાઓ આપશે.

કૃપા કરીને આ સૂચનાઓને તમારા સંબંધી કે મિત્ર સાથે મળીને વાંચો અને તેનું પાલન થાય તે વાતની ખાતરી કરો.

જો તમને અથવા તેઓને તેમના ઘરે આવ્યા પછી તેમની સારવાર વિશે કોઈ ચિંતા હોય, તો સૂચનાઓમાં એક ટેલિફોન નંબર આપ્યો હશે કે જેના પર તમે સંપર્ક કરી શકશો.

## મારા મિત્ર અથવા સંબંધીએ ઘરે શું કરવું જોઈએ?

તેમને સલામત રીતે સાજા થવામાં મદદ મળી રહે તે માટે તેમણે આરામ કરવો જોઈએ.

જો તેઓ હલનચલનમાં અસ્થિરતા અનુભવતા હોય, તો તેમણે જરૂર પડવા પર તમારી મદદ લઈને ચાલવું જોઈએ અને શક્ય હોય તો દાદરો પર આવ-જા ટાળવી જોઈએ.

તેમણે તેમની દવાઓ હંમેશ મુજબ લેતા રહેવું જોઈએ, સિવાય કે તેમના ડૉક્ટરે તેમને તેમ કરવાની ના પાડી હોય.

## તેમણે શું ન કરવું જોઈએ?

એનેસ્થેટિકની પ્રક્રિયા પછી અથવા તેમને શામક દવા આપવામાં આવે તે પછી તેઓ 24 કલાક સુધી કદાચ સ્પષ્ટ રીતે વિચારી શકશે નહીં. આ સમય દરમિયાન તેમણે નીચેની બાબતો કરવી જોઈએ નહીં:

- બાળકો અથવા જે તમારી સંભાળ હેઠળ હોય તેમનો હવાલો સંભાળવો જોઈએ નહીં
- કોઈ વાહન ન ચલાવવું જોઈએ અથવા સાયકલની સવારી કરવી જોઈએ નહીં
- રસોઈ ન કરવી જોઈએ અથવા કોઈપણ યંત્રોને ચલાવવું જોઈએ નહીં
- કોઈ મહત્ત્વના નિર્ણયો લેવા જોઈએ નહીં, પછી ભલેને તેમને લાગે કે તેઓ સારું થઈ ગયું છે
- સોશિયલ મીડિયા પર કંઈપણ પોસ્ટ કરવું જોઈએ નહીં
- આલ્કોહોલનું સેવન કરવું જોઈએ નહીં.

અમે આ પત્રિકામાંની માહિતીને સચોટ અને અદ્યતન રાખવા માટે ખૂબ જ પ્રયાસ કરીએ છીએ, પરંતુ અમે તેની ખાતરી આપી શકતા નથી. અમે આ સામાન્ય માહિતી તમારી પાસેના બધા પ્રશ્નોને અથવા તમારા માટે મહત્વપૂર્ણ હોય તે દરેક વસ્તુ સાથે વ્યવહાર કરે એવી અપેક્ષા રાખતા નથી. માર્ગદર્શિકા તરીકે આ પત્રિકાનો ઉપયોગ કરીને, તમારે તમારી મેડિકલ ટીમ સાથે તમારી પસંદગીઓ અને કોઈપણ ચિંતાઓની ચર્ચા કરવી જોઈએ. આ પત્રિકા જાતે જ સલાહ તરીકે માનવી જોઈએ નહીં. તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક હેતુ માટે કરી શકાય નહિ. સંપૂર્ણ અસ્વીકરણ માટે, કૃપા કરીને અહીં ક્લિક કરો (www.rcoa.ac.uk/patient-information/translations/gujarati).

બધા અનુવાદો Translators without Borders (ટ્રાન્સલેટર વિથાઉટ બૉર્ડર્સ) સમુદાયના અનુવાદકો દ્વારા પ્રદાન કરવામાં આવે છે. અનુવાદોની ગુણવત્તા શક્ય તેટલી સચોટ બનાવવા માટે ચકાસવામા આવેલ છે, પરંતુ તેમાં કેટલીક માહિતીના અચોક્કસ અને ખોટા અર્થઘટનનું જોખમ છે.

# તમારો શું મંતવ્ય છે તે અમને જણાવો

અમે આ પત્રિકાને બહેતર બનાવવા માટેના સૂચનોને આવકારીએ છીએ.

જો તમે કોઈ ટિપ્પણી કરવા માંગતા હો, તો કૃપા કરીને આ સરનામે તેને ઇમેઇલથી મોકલો: patientinformation@rcoa.ac.uk

**રોયલ કોલેજ ઓફ એનેસ્થેટિસ્ટ્સ (Royal College of Anaesthetists)**
ચર્ચિલ હાઉસ, 35 રેડ લાયન સ્ક્વેર, લંડન WC1R 4SG
020 7092 1500

## www.rcoa.ac.uk

### પ્રથમ આવૃત્તિ 2018

આ પત્રિકાને પ્રકાશિત કર્યાની તારીખથી ત્રણ વર્ષની અંદર તેની સમીક્ષા કરવામાં આવશે.

**© 2018 રોયલ કોલેજ ઓફ એનેસ્થેટિસ્ટ્સ (Royal College of Anaesthetists)**

દર્દીની માહિતીવાળી સામગ્રીઓને રજૂ કરવાના હેતુસર આ પત્રિકાની નકલ બનાવવામાં આવી શકે છે. કૃપા કરીને આ મૂળ સ્રોતને ટાંકો. જો તમે બીજા કોઈ પ્રકાશનમાં આ પત્રિકાના કોઈ ભાગને ઉપયોગમાં લેવા ઇચ્છતા હો, તો આને યોગ્ય માન્યતા આપવી આવશ્યક છે અને લૉગો, બ્રાન્ડિંગ અને છબીઓ દૂર કરેલી હોવી જોઈએ. વધુ માહિતી માટે, કૃપા કરીને અમારો સંપર્ક કરો.